Seat No. : _______________

# DS-107

**December-2025**

**B.A., Sem.-III**

**EC-I-201 : Gujarati**

(સાહિત્યસ્વરૂપનો અભ્યાસ – ખંડકાવ્ય)

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

નોંધ : બધા પ્રશ્નોના ગુણ સરખા છે.

1. ખંડકાવ્યનું સ્વરૂપ સમજાવી એમનાં ઘટકતત્ત્વો વિશે વિગતે નોંધ લખો. **14**

**અથવા**

1. ખંડકાવ્યનો અર્થ સ્પષ્ટ કરી, પંડિતયુગ અને ગાંધીયુગમાં થયેલા ખંડકાવ્યના વિકાસ સંદર્ભે પરિચય કરાવો. **14**

2. 'તમારા અભ્યાસક્રમના આધારે 'શ્રેષ્ઠ ગુજરાતી ખંડકાવ્યો'ની સિદ્ધિઓ અને મર્યાદાઓ જણાવો. **14**

**અથવા**

2. 'ગ્રામમાતા' અને 'દશરથનો અંતકાળ' ખંડકાવ્ય તરીકે રસલક્ષી વિવેચન કરો. **14**

3. ટૂંકનોંધ લખો. (બંને ફરજિયાત છે) **14**

   (1) 'એભલવાળો' ખંડકાવ્યનો આરંભ અને અંત

   (2) 'બાહુક' ખંડકાવ્યનો નૂતન વળાંક તરીકે મૂલવો.

**અથવા**

3. ટૂંકનોંધ લખો. (બંને ફરજિયાત છે) **14**

   (1) 'શાપસંભ્રમ' ખંડકાવ્યમાં પ્રકૃતિવર્ણન

   (2) 'શ્રેષ્ઠ ગુજરાતી ખંડકાવ્યમાં' છંદો વૈવિધ્ય

4. નીચેનામાંથી પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો : **14**

(1) લાંબા છે જ્યાં દિન પ્રિય સખી ! રાત્રિયે દીર્ઘ તેવી;
આ ઐશ્વર્ય પ્રણયસુખની હાય ! આશા જ કેવી !

(2) 'નિર્બળ ગીધને લાધ્યું એનું અશક્ય જેવું કામ,
ઊંચા પવનો વચ્ચે ઊડતો હતો હાફળો હજી.'

**અથવા**

4. નીચેનામાંથી પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો : **14**

(1) 'જાણું બધું પણ દીસે સ્થિતિ આ નવીન !
મારું નથી બલ, બન્યો જલબહાર મીન !'

(2) 'જાણશો મૃત્યુથી પ્રીતિ ! – એ તો કિંતુ અસંભવ !
થંભી કાદંબરી ત્યાં ને વિરહે થઈ નીરવ.'

5. નીચેનામાંથી કોઈપણ **સાત**નો યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : **14**

(1) નર્મદે ખંડકાવ્ય માટે કયો શબ્દ પ્રયોજ્યો છે ?

(a) પ્રસંગકાવ્ય (b) ઉર્મિકાવ્ય

(c) સંગીતકવિતા (d) કથનોર્મિકાવ્ય

(2) ટૂંકો શબ્દ એકનો અર્થ સંકેત કરી શકતો નથી, ખંડકાવ્યનો 'એક પ્રસંગનું નિરૂપણ હોય છે.....' આ વિધાન કયા વિવેચકે આપ્યું છે ?

(a) ડોલરરાય માંકડ (b) બ.ક. ઠાકોર

(c) ઉમાશંકર જોશી (d) રા.વિ. પાઠક

(3) ખંડકાવ્યમાં રસ વિશે "રસ કે રસમિશ્રણમાં મોળું નહીં તે જ ખંડકાવ્ય" – આ વિધાન કયા વિવેચકે કર્યું છે ?

(a) રા.વિ. પાઠક (b) નરસિંહરાવ

(c) બ.ક. ઠાકોર (d) ઉમાશંકર જોશી

(4) "વ્યક્તિના આખા જીવનને બદલે જેમાં તેના જીવનનું અમુક વૃત્તાંત હોય તેને હું ખંડકાવ્ય કહું છું" - આ વિધાન કોણે કર્યું છે ?

(a) નર્મદ (b) રા.વિ. પાઠક

(c) નવલરામ (d) કાન્ત

(5) ગુજરાતી સાહિત્યમાં ખંડકાવ્યનું નખશિખ સ્વરૂપ ઘડી આપવામાં કયા કવિને ફાળે જાય છે ?

(a) નરસિંહરાવ (b) કાન્ત

(c) વિનોદ જોશી (d) કલાપી

(6) નીચેનામાંથી કલાપીએ કયું ખંડકાવ્ય લખ્યું છે ?

(a) અભિસાર (b) ધૂમ્રકેતુ

(c) બિલ્વમંગલ (d) છેલ્લીપૂજા

(7) 'શ્રેષ્ઠ ગુજરાતી ખંડકાવ્યો'ની પ્રથમ આવૃત્તિ ક્યારે પ્રગટ થઈ ?

(a) 1991 (b) 1995

(c) 1985 (d) 1990

(8) તમારા અભ્યાસક્રમમાં પ્રથમ ખંડકાવ્ય કયું છે ?

(a) ચક્રવાકમિથુન (b) વસંતવિજય

(c) ગ્રામમાતા (d) ભટ્ટબાણ

(9) નીચેનામાંથી કયું યુગ્મ બંધબેસતું નથી ?

(a) શાપસંભ્રમ-નર્મદાશંકર (b) શિખંડી-ચિનુ મોદી

(c) ધૂમ્રકેતુ-સુંદરમ્ (d) ગ્રામમાતા-કલાપી

(10) નીચેનામાંથી આધુનિકયુગના ખંડકાવ્યના કવિ કોણ છે ?

(a) કાન્ત (b) કલાપી

(c) ઉમાશંકર જોશી (d) વિનોદ જોશી

(11) નીચેનામાંથી કયું યુગ્મ સાચું છે ?

(a) ગ્રામમાતા – કાન્ત (b) ચક્રવાકમિથુન – નરસિંહરાવ

(c) જટાયુ – ઉમાશંકર (d) એભલવાળો-બોટાદકર

(12) 'વ્યોમની કેડીએ સીધો જતો'તો એક તારલો ______' – આ પંક્તિ કયા કાવ્યમાંથી લેવામાં આવી છે ?

(a) શિખંડી (b) ધૂમ્રકેતુ

(c) છેલ્લીપૂજા (d) વસંતવિજય